# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika

વર્ષ : ૧૮
અંક : ૧

૨૦૨૪ : જાન્યુઆરી
માસિક : રૂ. ૫/-

**: તંત્રી :**

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪

**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## સુજ્ઞ જ્ઞાતિજનો તથા બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો

જય ભારત સાથે જણાવવાનું કે બાજખેડાવાળ પત્રિકામાં અગાઉ જન્માક્ષરો ખૂબ જ પ્રમાણમાં આવતા હતા પરંતુ હાલ ઘણા બધા માધ્યમો જેવા કે, વ્હોટસએપ, ફેસબુક, મેરેજ કોન્ફરન્સ ચાલુ થયા હોવાને કારણે દિવસે દિવસે સંખ્યામાં ઘટાડો થતો જાય છે તથા ગામે ગામની પ્રવૃત્તિના જે અહેવાલ છપાતા હતા તે પણ હવે નહીવત થઈ ગયા છે જેને કારણે દરેક ગામે પોતાના વ્હોટસએપ ગ્રુપ બનાવેલ છે જે પ્રચાર પ્રસારનું માધ્યમ બનેલ છે. આપણે છેલ્લા ૬–૮ મહિનાથી પત્રિકાના અડધા પેજ છાપીને પ્રસિદ્ધ કરવાના પ્રયત્નોમાં હતા. આમ છતાં ૧૬ પેજની મેટર પૂરી પડતી નથી આવા સંજોગોમાં પત્રિકા બંધ કરવાની પણ ફરજ પડે. પરંતુ આપ સૌને પત્રિકા તો પહોંચાડવી જ છે. તેવા સંજોગોમાં નીચે મુજબની વિગતથી મોકલેલ માહિતીને સ્કેન કરી આપશ્રી પત્રિકાના વ્હોટસ અપ માધ્યમમાં જોડાઈ શકો છો.

**બાજખેડાવાળ પત્રિકા માટે**

BAJKHEDAWAL PATRIKA2

WhatsApp group

# તંત્રી લેખ...

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદનું ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૩૧–૧૨–૨૦૨૩ને રવિવારના રોજ નડિયાદ ખાતે, ઈપ્કોવાલા હોલ ખાતે સુંદર આયોજન સાથે સંપન્ન થયું.

પ્રમુખશ્રી દ્વારા અધિવેશન અધ્યક્ષ શ્રી મૌલેશભાઈ મહેતાને અચાનક કેનેડા જવાનું થયું હોવાથી તેમની વિનંતીને ધ્યાન આપી દિગ્નાબેન જોષીની અધિવેશનના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી અને તેઓશ્રી દ્વારા અધિવેશન શરૂ કરવાની સંમતિ લેવામાં આવી આ પણ એક અદભૂત સંજોગ બન્યો કે હિતવર્ધક સભાના આ ૩૪માં અધિવેશનમાં આપણી સમાજની સંનારીને અધિવેશન અધ્યક્ષ તરીકે લહાવો મળ્યો અને સમાજને દિશા મળી કે ફરી કોઈ વખત કોઈ સમાજની બહેન અધિવેશન અધ્યક્ષનું સ્થાન શોભાવી શકે.

અધિવેશનના કાર્યક્રમની શરૂઆત પૂ. વનલતાબેન ચંદ્રગુપ્ત ભટ્ટે દીપ પ્રાગટ્યથી કરી સૌ મહેમાનોએ પણ એમાં સાથ આપ્યો. સમીરભાઈની નાનકડી દીકરીએ સુંદર અવાજમાં શિવસ્તોત્રથી સૌને મંત્રમુગ્ધ કર્યા.

સ્વાગત પ્રવચન પ્રમુખશ્રી કિરીટભાઈ દવેએ કર્યું અને સુંદર આયોજનનો વિગતવાર ચિતાર જ્ઞાતિજનોને આપ્યો. મંત્રીશ્રી સમીરભાઈ દવેએ અધિવેશનનો અહેવાલ આપ્યો. વર્ષોવર્ષ વિધવા સહાયની રકમમાં થતા વધારાનો સૌને ખ્યાલ આપ્યો.

અધિવેશનનાં ઉદ્‌ઘાટક પૂ. વનલતાબેન સૌ જ્ઞાતિજનોને આશિષ પાઠવ્યા અને આવા અધિવેશનો દર વર્ષે યોજાતા રહે અને સૌ જ્ઞાતિજનો એમાં ઉત્સાહભેર ભાગ લે એ માટે સૂચન કર્યું.

અધિવેશનના કી–નોટ સ્પીકર તરીકે પધારેલ ખૂબ જાણીતા મોટીવેશનલ સ્પીકર શ્રી સંજય રાવલે એમની ખૂબ આગવી શૈલીમાં સૌ બાજખેડાવાળ જ્ઞાતિજનોને જીવનમાં બહુ જરૂરી એવા કાર્યો પ્રતિ અંગુલિનિર્દેશ કર્યો અને સૌને એક નવીન દિશામાં સતત કાર્યરત રહેલા સૂચિત કર્યા તેઓએ કહ્યું– (૧) જે કરો તે શ્રેષ્ઠ કરો (૨) પરિણામ માટે ઈશ્વર પર ભરોસો રાખો (૩) પરિવારની સંયુક્તતા જાળવી રાખો (૪) મા–બાપને ખુબ માન અને આદર આપો (૫) સંતાનો સાથે સામંજસ્ય જાળવો (૬) તમારા કામની કદર એ જ સાચું સન્માન ગણો (૭) જીવતાં આવડે એ જ સ્વર્ગ નહીં તો નર્ક સૌએ એમના સુંદર સૂચનોને તાળીઓના ગડગડાટથી વધાવી લીધાં. તેઓએ આવતા વર્ષે પણ અધિવેશનમાં આવવા માટે વચન આપ્યું.

વિવિધ અતિથિ વિશેષ મહાનુભાવો દ્વારા પણ અધિવેશનનાં સુંદર આયોજનની સરાહના કરવામાં આવી અને સુંદર ટીમવર્કને બિરદાવવામાં આવ્યું. વર્ષો વર્ષ આવી રીતે આયોજાતાં અધિવેશનમાં સક્રિય ભાગ લેવાનો અનેરો આનંદ સૌએ વ્યક્ત કર્યો.

આવતા વર્ષના અધિવેશન માટે અધ્યક્ષ તરીકે શ્રી સમીરભાઈ દવે (બન્ટી) તથા કો–ઓર્ડીનેટર તરીકે શ્રી અમુલભાઈ ભટ્ટ (ધારાસભ્યશ્રી)ની નિમણૂંક કરવામાં આવી. જેને હાજર રહેલા સભ્યો દ્વારા તાળીઓના ગડગડાટ સાથે વધાવી લેવામાં આવ્યું. આ તબક્કે

શૈલેષભાઈ જોષી, મૌલિકભાઈ દવે, કિરણભાઈ પંડ્યા, છાયાબેન દવે, વ્યોમેશભાઈ ભટ્ટ, ભરતભાઈ ભટ્ટ જેવા મહાનુભાવો દ્વારા જ્ઞાતિ સમાજના આ યજ્ઞમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મદદરૂપ થવાની અપિલ કરવામાં આવી હતી અને આયોજકોને બિરદાવવામાં આવેલા. શ્રી અમુલભાઈ ભટ્ટ દ્વારા આવતા વર્ષના અમદાવાદના અધિવેશનમાં સંપૂર્ણ સહયોગની ખાતરી આપવામાં આવી જેને સૌ વતી તાળીઓના ગડગડાટથી વધાવી લેવાઈ.

ઉપપ્રમુખશ્રી પ્રણવભાઈ જોષી દ્વારા અધિવેશન અધ્યક્ષશ્રીનો, ઉદ્‌ઘાટકશ્રીનો, મુખ્ય મહેમાનશ્રીઓનો, દાતાશ્રીઓનો, ગામેગામના મંડળના પ્રમુખોનો, શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના કારોબારી સભ્યશ્રીઓનો હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ ટૂંકમાં આ અધિવેશનને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સફળ બનાવનાર સૌનો હાર્દિક આભાર માનવામાં આવ્યો.

ગામેગામના બાજખેડાવાળ મંડળોના પ્રમુખો તથા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ભૂતપૂર્વ પ્રમુખો તથા સૌ કારોબારી સભ્યોનું લક્ષ્મીજીનો ફોટો આપી સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સહાયભૂત સૌ કોઈને પણ સન્માનવામાં આવ્યા આ કાર્યક્રમ માટે નગર પાલિકા દ્વારા હોલ વિનામૂલ્યે આપવા બદલ તથા અમિતભાઈ ઠાકર દ્વારા સાઉન્ડ સીસ્ટમ તથા ડાયસની તમામ વ્યવસ્થા, મંડપ, રસોડાનો મંડપ, હેલોઝન જેવી તમામ વસ્તુઓ વિનામૂલ્યે કરી આપવા બદલ તેઓનો પણ આભાર માનવામા આવે છે. સમગ્ર અધિવેશનની જવાબદારી સ્વીકારનાર એવા શ્રી મૌલેશભાઈ મહેતા તથા શ્રી પ્રણવભાઈ જોષીનો જેટલો આભાર માનવામાં આવે તેટલો ઓછો છે.

વિરામ દરમિયાન સૌ જ્ઞાતિજનોએ સુંદર સુરૂચિપૂર્ણ એવા રસ-પૂરી, ફરસાણના ભોજનનો આનંદ માણ્યો અને પાછા હોલમાં આવી બિરાજ્યા.

બીજા સેશનમાં ઉમરેઠના બાજબંધુ અને શિવભક્ત તથા જાણીતા ગાયક કલાકાર શ્રી સદાશિવ દવે અને એમના સાથીઓના મધુર કંઠે ગવાયેલ સુમધુર ગીતોનો આસ્વાદ સૌએ માણ્યો. બધાને બહુ મઝા આવી. અંતે સૌએ સાથે મળી હનુમાન ચાલીસાનું ગાન કર્યું અને ફરી આવતા વર્ષે અમદાવાદમાં મળવાનો કોલ એકબીજાને આપી છૂટા પડ્યા.

ઘરે જતાં પૂ. શ્રી સંતરામ મહારાજ તરફથી મોકલાવેલ પ્રસાદ સૌને મેળવ્યો અને વિદાય ભેટ તરીકે સંસ્થા તરફથી સૌને ગેસ લાઈટર આપવામાં આવ્યું તથા પાપડીનો લોટ ખીચું આરોગી ચા પી સૌ છૂટા પડ્યા. સૌ બાજખેડાવાળ જ્ઞાતિજનોએ ઉત્સાહભેર સમગ્ર અધિવેશનને માણ્યું અને સરાહના કરી.

**સંકલન - તંત્રી - શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

## પ્રમુખશ્રીનું નિવેદન

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન, ઈપ્કોવાળા હોલ નડિયાદ ખાતે, તા. ૩૧–૧૨–૨૩ના રોજ યોજાઈ ગયું. અધિવેશન સ્થળ, નાસ્તા ભોજનની વ્યવસ્થા, મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા, કી–નોટ સ્પીકર તરીકે પધારેલા સંજયભાઈ રાવલ તથા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા હોદ્દેદારો દ્વારા મિનિટે મિનિટનું ધ્યાન રાખી સુંદર વ્યવસ્થા બદલ વ્હોટસઅપ મેસેજ, સાદા મેસેજ, ટેલીફોનથી અભિનંદન આપવામાં આવ્યા. આ તબક્કે અમે સૌ જ્ઞાતિજનોનો પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે હાજર રહેવા બદલ તથા આર્થિક રીતે મદદરૂપ થવા બદલ દાતાશ્રીઓનો આભાર માનીએ છીએ. અધિવેશનની કુલ આવક રૂા. ૧૨,૧૫,૯૫૨/– કુલ ખર્ચ રૂા. ૪,૪૫,૧૨૧/–અને ખર્ચ કરતા આવકના વધારો રૂા. ૭,૭૦,૮૩૧/–રહ્યો. આ રકમને શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં લઈ જવામાં આવશે.

ટીપે ટીપે સરોવર ભરાય તેમ આ રકમ વધતી જાય છે. જેના કારણે જ વિધવા સહાયની રકમ વધારી શકીએ છીએ.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું આગામી રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૯–૧૨–૨૦૨૪ના રોજ અમદાવાદ મુકામે યોજવાની આ દિવસે જાહેરાત થઈ જેમાં અધિવેશન અધ્યક્ષ તરીકે શ્રી સમીરભાઈ એસ. દવે, અમદાવાદની નિમણૂંક કરવામાં આવી તથા શ્રી અમૂલભાઈ ભટ્ટ (ધારાસભ્યશ્રી)ની નિમણૂંક અધિવેશન કો–ઓર્ડીનેટર તરીકે કરવામાં આવી. સ્થળની જાહેરાત વિગતવાર પછીથી કરવામાં આવશે.

આ અધિવેશન માટે શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ તરફથી અધિવેશનના ૧૫૦ પાસ, શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ તરફથી ૧૦૦ પાસ, નડિયાદ બાજખેડાવાળ સમાજ તરફથી ૧૨૦ પાસ, બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી વિદ્યાનગર તરફથી ૧૨૦ પાસ, બાજખેડાવાળ સમાજ વસો તરફથી ૪૦ પાસ, બાજખેડાવાળ સમાજ મહેમદાવાદ તરફથી ૨૦ પાસ આમ મળી કુલ ૬૦૦ પાસનું વિતરણ તથા રૂ. ૧૦૦ લેખે રૂ. ૬૦૦૦૦/– એજ દિવસે મળેલ છે.

સંજયભાઈ રાવલ દ્વારા જ્ઞાતિ સમાજમાં કૌટુંબિક વાતાવરણ કેવું હોવું જોઈએ, સમાજમાં જ્ઞાતિજનનો કેવો ફાળો હોવો જોઈએ તેમજ સ્વસ્થ અને સુઘડ રહેવા જેવી જીવન ઉપયોગી ઘણી બધી વાતો સુંદર રીતે રજુ કરવામાં આવી આ તબક્કે તેમના દ્વારા જાહેરમાં એવું કહેવામાં આવ્યું કે આવી પ્રવૃત્તિઓ કરનાર સંસ્થા પાસેથી મારાથી પૈસા લેવાય નહીં અને હું રૂ. ૫૧૦૦૦/– નું દાન સંસ્થાને આપુ છું. તેઓશ્રીનો આ તબક્કે આભાર માનીએ તેટલો ઓછો છે. સાથે સાથે જણાવવાનું કે વિદ્યાનગર તથા નડિયાદથી જે પાસ લેવામાં આવ્યા છે. તે

જ્ઞાતિજનો માટે બસની વ્યવસ્થા વિના મૂલ્યે કરવામાં આવેલ છે તથા વસો બાજખેડાવાળ સમાજ પણ આવું જ વિચારી રહી છે. ટૂંકમાં જ્ઞાતિ સમાજની ગામેગામની બધી સંસ્થાઓના હોદ્દેદારોની સમાજ પ્રત્યેની ઉત્કૃષ્ટતા લાગણી દર્શાવે છે. આ તબક્કે તેઓના પણ અમો આભારી છીએ.

આવનાર અધિવેશનમાં દાતાશ્રીઓ ૫૦૦૦/- થી ઉપરની રકમ સૌજન્ય પેટે લખાવી શકે છે. અતિથિ વિશેષશ્રીઓ માટે રૂ. ૧૧૦૦૦/- તથા મુખ્ય મહેમાનના રૂ. ૨૫૦૦૦/- કે તેથી વધુ, ઉદ્‌ઘાટકશ્રીના રૂ. ૫૧૦૦૦/- કે તેથી વધુ સ્વીકારવામાં આવશે. તેઓશ્રીઓના ફોટો તથા બાયોડેટા બાજખેડાવાળ પત્રિકામાં છાપવામાં આવશે. તેઓશ્રી જ્યારે ચેક આપે ત્યારે પાન કાર્ડ કે આધાર કાર્ડની કોપી આપશે તો ૮૦જી હેઠળ આ રકમ ઈન્કમટેક્ષમાંથી બાદ મળશે જેની નોંધ લેશો. આવતી સાલના અધિવેશનમાં આવકમાંથી ખર્ચ બાદ કરતા વધારાની રકમ રૂ. ૧૧ લાખથી ઉપર એકત્રિત કરી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં લઈ જવાનું ખુબ જ દઢતાપૂર્વક નક્કી કરવામાં આવેલ છે.

બાજખેડાવાળ જ્ઞાતિ સમાજમાં ઘણા બધા સાહસવીરો સારી સારી નોકરીઓ પર, સારા સારા ધંધાઓમાં કાર્યરત છે. તેઓ પોતાની આવકના ૨% રૂપિયા પણ આ ભગીરથ કાર્યમાં આપે તો વિધવા સહાય બહેનોને માત્ર ૨ વર્ષમાં જ રૂ. ૪૦૦૦/- માસિક સુધી આપણે પહોંચી શકીએ. આ વાત કદાચ બધાને ગળે નહીં ઉતરે પણ શાંત ચિત્તે તમારા અંતર આત્મા જોડે વાત કરી આ ભગીરથ કાર્યમાં મદદરૂપ થશો તેવી નમ્ર વિનંતી છે. અધિવેશનની શરૂઆતથી કેટલાક જ્ઞાતિજનો દ્વારા અવિરત રીતે અધિવેશનમાં રકમ આપે છે. જેની માહિતી આપની સમક્ષ ફક્ત જાણ માટે મુકી રહ્યો છું. કોઈ વ્યક્તિ વિશેષને આ વાંચીને તેવું ના થાય કે જાહેરાત કરવામાં આવી છે. (૧) શ્રી દિવ્યાંગભાઈ દવે - દુબઈ અંદાજિત રૂ. ૨૫ લાખ (૨) શ્રી શૈલેષભાઈ જોષી - અમદાવાદ અંદાજિત રૂ. ૧૧ લાખ (૩) શ્રી કિરીટકુમાર દવે - આણંદ અંદાજિત રૂ. ૧૩ લાખ (૪) શ્રી સી. કે. ભટ્ટ સાહેબ તથા ડૉ. વનલતાબેન ભટ્ટ - આણંદ અંદાજિત રૂ. ૭ લાખ (૫) શ્રી તરલકુમાર ભટ્ટ - અમદાવાદ અંદાજિત રૂ. ૧ લાખ (૬) શ્રી અતુલકુમાર ડોળિયા - ભરૂચ અંદાજિત રૂ. ૬૦ હજાર (૭) શ્રી મૌલેશકુમાર મહેતા - નડિયાદ અંદાજિત ૧ લાખ રૂપિયા (૮) શ્રી હર્ષાબેન દવે - આણંદ અંદાજિત રૂ. ૫૫ હજાર (૯) શ્રી દિગ્નાબેન જોષી - નડિયાદ અંદાજિત રૂ. ૧.૫૦ લાખ (૧૦) શ્રી છાયાબેન દવે - મુંબઈ અંદાજિત રૂ. ૨.૨૦ લાખ (૧૧) શ્રી કિરણભાઈ પંડયા - ગાંધીનગર અંદાજિત રૂ. ૮૦ હજાર (૧૨) શ્રી ધવલભાઈ ત્રિવેદી - નડિયાદ અંદાજિત રૂ. ૧ લાખ (૧૩) શ્રી સમીરભાઈ દવે - અમદાવાદ રૂ. ૧ લાખ (૧૪) શ્રી ભરતભાઈ ભટ્ટ - ઝામ્બીયા રૂ. ૧.૧ લાખ (૧૫) શ્રી જગદીશભાઈ દવે - મહેમદાવાદ અંદાજિત રૂ. ૧ લાખ (૧૬) શ્રી અશ્વિનભાઈ દવે - વસો અંદાજિત રૂ. ૭૫ હજાર (૧૭) આ બધી રકમો મેળવવામાં હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓનો

સિંહફાળો રહેલો છે. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના અગાઉના અધિવેશનમાં કદાચ કોઈ જ્ઞાતિજનો ૫૦ હજાર કે તેથી વધુ રકમ આપી હોય તો અને જો અમારું ધ્યાન દોરશે તો અમો આવતી પત્રિકામાં ક્ષમા યાચના સાથે તેઓનું નામ છાપીશું.

આ તબક્કે અમો નમ્ર વિનંતી કરીએ છીએ કે આગામી ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદમાં યોજાનાર છે ત્યારે ડેલીગેટ્સ સંખ્યાની દૃષ્ટિએ અને દાતાઓ દાનની દૃષ્ટિએ નવો રેકોર્ડ તોડશે જેને શંકાને સ્થાન નથી મારો જ્યારથી જાહેર જીવનમાં જોડાયો ત્યારથી એવો અનુભવ છે કે તમારી કાર્ય પદ્ધતિ પારદર્શક હોય, દાતાઓનું સન્માન જળવાતુ હોય અને સમાજની ઉત્તરોત્તર પ્રગતિ થતી હોય તેવા કામમાં ક્યારેય પૈસા માટે તકલીફ પડતી નથી હૂંડી સ્વીકારાઈ જાય છે.

ફરી આ તબક્કે આપના જાણ કરૂં છું કે હજુ ૩૫૦ દિવસ બાકી છે તેમ સમજી અધિવેશનના પાસ લેવામાં આળસ કરશો નહીં છેલ્લા સમયમાં ચાલુ વર્ષે ઓછામાં ઓછા ૨૦૦ જ્ઞાતિજનો અધિવેશનથી વંચિત રહેલા છે જેના દાખલા છે તો ગામેગામના પ્રમુખ અથવા સંસ્થા પાસેથી આપનો પાસ અચૂક મેળવી લેશો. અધિવેશનમાં ચાલુ સાલે થયેલ ખર્ચ મુજબ અંદાજિત રૂ. ૪૫૦/–નો ખર્ચ એક ડેલીગેટ્સ પાછળ સંસ્થાને થાય છે. આવતી સાલે કદાચ આ રકમ પ્રત્યેક ડેલીગેટ્સ દીઠ રૂ. ૫૫૦/– પહોંચી શકે. જે લોકો અધિવેશનમાં આવે છે તે લોકોને સવારનો ચા–નાસ્તો, બપોરનું તંદુરસ્ત ભોજન, બપોરનો ચા–નાસ્તો તથા સંભારણું આપવામાં આવે છે. એવા સંજોગોમાં ફક્ત રૂ. ૧૦૦/– ડેલીગેટ્સ ફીના ના કહેવાય. સવાલ માત્ર વર્ષમાં એક દિવસ સવારના ૯.૦૦ થી સાંજના ૬.૦૦ સુધી સમાજ માટે ફાળવવાનો છે. આ માગણી અમારી અસ્થાને નથી આશા રાખીએ છીએ કે મારા દ્વારા જે કંઈ રજુઆત કરવામાં આવી છે. તેને શાંતિથી ધ્યાનથી મનન–ચિંતન કરી આયોજકોને પ્રોત્સાહિત કરશો. પહેલુ ઘર, પછી સમાજ અને પછી બીજા બધા વ્યવહાર કરવા જોઈએ એવું અમે માનીએ છીએ. આશા છે કે આપ અમારા આ નમ્ર પ્રયાસને અનુમોદન આપશો.

આભાર સહ.

– શ્રી કિરીટકુમાર એમ. દવે

પ્રમુખશ્રી – શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન - નડીયાદના દાતાશ્રી



સ્વ. અરવિંદભાઈ એસ. દવે



સ્વ. ઈન્દીરાબેન એ. દવે



સ્વ. કૈલાસબેન પી. દેસાઈ
સ્વ. પ્રવિણકુમાર કે. દેસાઈ

શ્રી દિવ્યાંગભાઈ દવે અને શ્રીમતી ફાલ્ગુની દિવ્યાંગ દવે, દુબઈ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ તેઓશ્રીના માતૃશ્રી અને પિતાશ્રી સ્વ. ઈન્દીરાબેન એ. દવે, સ્વ. અરવિંદભાઈ એસ. દવે, સ્વ. કૈલાસબેન પી. દેસાઈ અને સ્વ. પ્રવિણકુમાર કે. દેસાઈના સ્મરણાર્થે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને વિધવા સહાય પેટે અનુદાન મળેલ છે.

શ્રી દિવ્યાંગભાઈ દવે અને શ્રીમતી ફાલ્ગુની દિવ્યાંગ દવે તરફથી આ અનુદાન ૨૦૦૫ના વર્ષથી મળે છે અને તેમના તરફથી અત્યાર સુધી અંદાજિત રૂ. ૨૬ લાખનું વિશિષ્ટ સહાય ફંડ ખાતે અનુદાન મળેલ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન – નડિયાદના દાતાશ્રી



### શ્રી ગીતાબેન હેમંતકુમાર શુકલ

જન્મતારીખ : ૨૦–૧૨–૧૯૫૫

મૂળ વતન : અમદાવાદ

અભ્યાસ : ધો. ૧૦ પાસ જવાબદારીના કારણે અભ્યાસ છોડ્યો હતો. ગીતાબેનના શુભલગ્ન આણંદ નિવાસી હેમંતકુમાર ચંદુલાલ શુકલ સાથે (શુકલ સાડીવાળા) ૧૯૭૫માં યોજાયેલ.

પુત્ર : તરલ હેમંતકુમાર શુકલના શુભ લગ્ન પુર્વીબેન સાથે થયેલ છે. તેઓ ઓસ્ટ્રેલીયા ખાતે કાયમી વસવાટ કરે છે. બંસરી નામે દિકરી છે.

પુત્ર : પ્રણવ હેમંતકુમાર શુકલના શુભલગ્ન સ્વેતાબેન સાથે થયેલ છે. તેઓ ઓસ્ટ્રેલીયા વસવાટ કરે છે. તેઓને વંશ નામનો દિકરો છે.

ગીતાબેન બાજખેડાવાળ મહીલા મંડળ – અનેક હોદ્દા પર રહી હાલ સહ–મંત્રી તરીકે સેવાઓ આપે છે. તેઓ જાગૃતિ – મહીલા સંગઠનમાં સેવાઓ આપે છે. તેઓશ્રી દ્વારા અવાર–નવાર જરૂરીયાતમંદ બહેનોને સાડીઓ વિતરણ કરે છે. હાલ તેઓ આણંદ મુકામે નિવૃત્ત જીવન વિતાવે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન – નડીયાદના મુખ્ય મહેમાનશ્રી



**ડો. ભરતકુમાર આર. ભટ્ટ**
**ડૉ. કોકિલાબેન બી. ભટ્ટ**

કહેવાયું છે ને જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાં પણ ચડિયાતી છે આ ભાવ ડૉ. ભરતભાઈના સૂરમાં ચરિતાર્થ થતો દૃશ્યમાન થાય છે.

પિતા રવિશંકર છોટાલાલ ભટ્ટ – સાધુ જીવડો, તો વળી માતા શાન્તાબહેન રવિશંકર ભટ્ટ ધર્મપરાયણ, કર્તવ્યનિષ્ઠ, પરગજુ તેમજ અતિશય ઉદ્યમી. આમ, આ પ્રસન્ન દંપતી – રવિશંકર ભટ્ટ તથા શાંતાબેન ભટ્ટના કુલ આઠ સંતાનો સર્વશ્રી જગદીશચંદ્ર ભટ્ટ, મધુસુદન ભટ્ટ, સુવર્ણાબેન જોશી, પન્નાબેન ઠાકર, સુધીરચંદ્ર ભટ્ટ, ભરતકુમાર ભટ્ટ, કિરણકુમાર ભટ્ટ તથા હરીશકુમાર ભટ્ટ આ શ્રેણીમાં ભરતકુમારનો છઠ્ઠો નંબર.

તા. ૨૮–૧૨–૧૯૫૧ના રોજ માંડવી જિ. સુરત ખાતે ભરતકુમારનો જન્મ થયો અને શરૂ થઈ જીવનની સફર.

ધો–૫ સુધીનું પ્રાથમિક શિક્ષણ ઓલપાડ ખાતે મેળવ્યું તેમજ ધો. ૬ થી એસ.એસ.સી. સુધીનું શિક્ષણ એચ. એમ. દવે ઉચ્ચતર માધ્યમિક શાળા–ઉમરેઠ ખાતે મેળવ્યું. ૧૯૬૮માં કુમાર ભરત જ્યારે એસ.એસ.સી.માં હતા ત્યારે આખાય ઉમરેઠ સેન્ટરમાં તે પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયા હતા.

કળતર હોય, નડતર હોય છતાં પણ જેને કેડી કંડારવી છે તે, તો પગદંડી બનાવીને ચાલ્યા જ કરે છે. ત્યારબાદ વી. પી. સાયન્સ કોલેજ – વલ્લભવિદ્યાનગર ખાતે પ્રી સાયન્સનો અભ્યાસ કરેલ છે તે દરમિયાન તેઓ શ્રી બાજખેડાવાળ છાત્રાલયમાં જ નિવાસ કરેલ છે. એમ. એસ. યુનિવર્સિટી વડોદરા ખાતે પ્રી. મેડીકલનો અભ્યાસ મેડીકલ કોલેજ વડોદરા ખાતે તેમજ મેડીકલનો અભ્યાસ મેડીકલ કોલેજ વડોદરા ખાતે કરેલ છે. ૧૯૭૬માં પી.એચ.સી. શિવરાજપુર ખાતે નોકરીમાં જોડાય છે. ૧૯૭૭માં સરકારી હોસ્પિટલ રાજપીપળા ખાતે જોડાય

છે. તા. ૧૫–૫–૧૯૭૮ રોજ અમદાવાદ મણિનગર નિવાસી નરેન્દ્રભાઈ ભટ્ટ તથા સુવર્ણાબેન ભટ્ટના સુપુત્રી ડૉ. કોકિલાબેન ભટ્ટ સાથે પ્રભુતાના પગલાં માંડે છે તો, ડૉ. કોકિલાજી પણ દૂધમાં સાકર ભળે તેમ ભટ્ટ પરિવારમાં ભળી જાય છે.

ઈ.સ. ૧૯૮૧ની સાલ ભરતભાઈના જીવનમાં નવી આશાના કિરણો તેડી લાવે છે. આરોગ્ય મંત્રાલય–ઝામ્બિયા ખાતે બે વર્ષના કોન્ટ્રાક્ટથી લુસાકા ખાતે તેઓ જાય છે. પછી તો તે કોન્ટ્રાક્ટ ચાલુ રહે છે અને ઝામ્બિયા તેમની કર્મભૂમિ બની જાય છે. ૧૯૮૭માં Z.C.C.M. Cooper Mines Hospital માં જોડાય છે, તે સેવાઓ વર્ષ ૨૦૦૨ સુધી અવિરત રહે છે. સોનામાં સુગંધ ભળી ૨૦૦૨માં જ્યારે તેઓ પોતાનું દવાખાનું ખોલે છે. તે આજસુધી કાર્યરત છે. ડૉ. ભરતભાઈ તથા ડૉ. કોકિલાબેનના બે સંતાનો પૈકી મોટા દીકરા ચિ. ચિરાગ ભટ્ટ, પુત્રવધુ આરતી ભટ્ટ તથા તેમના બે સંતાનો ચિ. દિયા અને ચિ. રાહી ભટ્ટ અમેરિકા સ્થાયી થયા છે. પુત્ર અને પુત્રવધુ બંને નોકરી કરે છે. તેમ જ નાના દીકરા ડૉ. હાર્દિક ભટ્ટ, પુત્રવધુ અમૃતા ભટ્ટ તથા તેમનાં સંતાનો ચિ. નીઅમ ભટ્ટ અને ચિ. ઈશાન ભટ્ટ સાથે અમેરિકા જ સ્થાયી થયા છે. ડૉ. હાર્દિકભાઈ દાંતના ડૉક્ટર છે.

ભરતભાઈ સેવાક્ષેત્રમાં યથા યોગ્ય સહકાર માટે હંમેશા કટિબદ્ધ રહ્યા છે. જ્ઞાતિના તમામ મંડળોમાં જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ફૂલ નહીંને ફૂલની પાંખડી યોગદાન આપતા રહ્યા છે.

ડૉ. ભરતભાઈ દાક્તરી વ્યવસાય ઉપરાંત ઝામ્બિયા ખાતે વિવિધ શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક પ્રવૃત્તિઓમાં પણ ખૂબ જ સક્રિયતાથી રસ લે છે. એ પછી Ndola હિન્દુ સમાજની વાત હોય, લ્યુઆન્સા હિન્દુ સમાજની વાત હોય, રોટરી કલબની વાત હોય તેમજ વર્ષ ૨૦૦૫માં લ્યુઆન્સા હિન્દુ એસોસિએશનના પ્રમુખ તરીકે તેમજ મિશન મેડીકેર સંસ્થામાં તે સૌમાં તેમના સેવાની સુવાસ અત્તરની જેમ મહેંકી રહી છે. તેમની તમામ પ્રવૃત્તિઓમાં તેમના અર્ધાંગીની ડૉ. કોકિલાબેન ભટ્ટ પણ સુસજ્જતાથી તેમની પડખે જ ઉભા રહ્યા છે.

વ્યવસાયે ડૉ. કોકિલાબેન દાંતના નિષ્ણાંત તબીબ છે.

ખરેખર ! આ તબીબ બેલડીની આટલા લાંબા ગાળાની સેવા સાધના તેમજ ઘડાયેલી કારકિર્દીના મૂળમાં માતા શાંતાબેન તથા પિતા રવિશંકર ભટ્ટના સંસ્કારો જ છે. ભરતભાઈ સ્વભાવે ખૂબ જ લાગણીશીલ છે તેઓ આટલા વર્ષોથી વિદેશ છે છતાં આટલા દૂરથી પણ તેમનો પ્રેમ રામાયણના ‘ભરત’ જેવો છે. તેઓ કૌટુંબિક જવાબદારીઓ પણ સાતત્યપૂર્વક નિભાવી રહ્યા છે.

આજે ગૌરવપૂર્વક સમાજમાં આ હૃદયસ્થ રવિશંકર છોટાલાલ ભટ્ટ પરિવાર દિવ્યતા અને ભવ્યતાથી પોતાની આગવી સોડમ પ્રસરાવી રહ્યા છે.

## શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

"ૐ નિકેતન", નં. ૩૨૬, (નવો નં. ૩૮૦), મિન્ટ સ્ટ્રીટ, ચૈન્નઈ–૬૦૦૦૦૩

શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ–ચેન્નઈના નામે ભવનના સુવર્ણ જયંતી વર્ષમાં એક વિશેષ ગુજરાતી તિથીઓ દર્શાવતુ તેમજ અન્ય માહિતીઓ સાથે વર્ષ ૨૦૨૪નું કેલેન્ડર પ્રસિદ્ધ કરી સભ્યોને નિઃશુલ્ક વિતરણ કરવામાં આવેલ છે. જ્ઞાતિબંધુઓએ હર્ષભેર સ્વીકારી સમાજની આ પ્રવૃત્તિને બિરદાવી છે.

તા. ૭–૧–૨૦૨૪ના સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ દરમ્યાન 'આધાર' કાર્ડને લગતા સુધારા વધારા, નવા બનાવવા માટે એક કેમ્પનું આયોજન સમાજના ભવનમાં રાખવામાં આવેલ જ્ઞાતિજનો તરફથી સુંદર પ્રતિસાદ સાંપડ્યો. ૭૫થી વધુ ભાઈ–બહેનો ઉપસ્થિત રહીને માહિતી અદ્યતન કરાવેલ. આ કેમ્પ શ્રી ચેમ્મલ ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી વેંકેટેશ રામરાજ સાથે તેમની પંદરેક સભ્યોની ટીમ તથા સહકારી અધિકારીઓ ઉપસ્થિત રહી આ કાર્યને સુંદર રીતે સફળતાથી સંપન્ન કરેલ.

તા. ૧૪–૧–૨૪ મકર સંક્રાતિના શુભ દિવસથી સમાજના આશ્રયે જ્ઞાતિજનોના લાભાર્થે તબીબી ક્ષેત્રે એક નવી "મેડીકલ રાહત યોજના" ચાલુ કરવામાં આવશે. ચેન્નઈ મધ્યે આવેલ "સી. યુ. શાહ Clinic & Dispensary સાથે કરાર કર્યા અનુસાર જરૂરિયાતમંદ જ્ઞાતિજનને સમાજમાંથી 'મેડીકલ રાહત કાર્ડ' મેળવી. પ્રતિમાસ પ્રતિ વ્યક્તિને રૂ. ૩૦૦ સુધી ડૉક્ટર ફીસ, દવાઓ, બ્લડ ટેસ્ટીંગ, રોગનિદાન વિ. કરાવી શકાશે. આ ક્લીનીકમાં દવાખાનામાં મળતી દરકે સેવાઓ ઉપલબ્ધ રહેશે.

તા. ૨૨–૧–૨૪ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ દરમ્યાન ભવનમાં સ્થાપિત 'રામ દરબાર'ની પૂજા–અર્ચના–વિશેષશ્રૃંગાર, રામભજનો, રામધૂમ, આરતી, મહાપ્રસાદીનું આયોજન કરેલ છે. સમસ્ત જ્ઞાતિબંધુઓને આમંત્રણ પાઠવેલ છે. આ પ્રસંગે "અન્નદાનમ્" પણ આપવામાં આવશે.

**બીજલ બી. ડોળીયા** — પ્રમુખ
**મનોજ વી. શુકલા / અમિત આઈ. પાઠક** — મંત્રીઓ

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ – શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં,
પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન – ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

**અન્નપૂર્ણા સહાય યોજના**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત જ્ઞાતિના ઉમરેઠ–ડાકોર સ્થિત જરૂરીયાતમંદ ભાઈ–બહેનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી પહોંચતી કરવામાં આવે છે. આ માટે અમારી સંસ્થાને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાનનો પ્રવાહ મળતો રહ્યો છે. અમો આ સર્વે દાતાશ્રીઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ આ વખતની યાદી આ મુજબ છે.

(૧) શ્રી નરેન્દ્રભાઈ પંડ્યા રૂ. ૧૦,૦૦૦/– (૨) શ્રી મુકેશભાઈ એલ. ભટ્ટ (અગિયારસ ફરાળ નિમિત્તે) રૂ. ૫૦૦૦/– (૩) શ્રી હંસાબેન ચીમનલાલ પંડ્યા રૂ. ૨૦૦૦/– (૪) શ્રી અરૂણભાઈ ચીમનલાલ પંડયા રૂ. ૫૦૦/– (૫) શ્રી ટીનાબેન વિક્રમભાઈ પંડ્યા રૂ. ૧૧૫૫૧/– (૬) એક જ્ઞાતિજન તરફથી રૂ. ૧૧૦૦૦/–

**પીકનીક**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – અમદાવાદ દ્વારા દર વર્ષની જેમ જ પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વખતની પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વખતની પીકનીકનું સ્થળ અમદાવાદથી ૮૦ કિ.મી. દૂર બાવળા–બગોદરા હાઈવે પર આવેલ ગોરાણી રીસોર્ટમાં રાખવામાં આવેલ. સવારનો સુંદર નાસ્તો, બપોરનું જમવાનું તથા સાંજની હાઈ ટી સાથે આ પીકનીકમાં સૌએ રમતગમત, ગીત–સંગીત, સંગીત–ખુરશી રીસોર્ટમાં આઉટીંગ માણીને ખુશી ખુશી સાંજે પરત ફર્યા. આ પીકનીક હજી મહિલાઓ માટે માર્ચ મહિના સુધી નાસ્તો જમવા સાથે ફ્રી છે. ફક્ત આવવા–જવાનો વ્હીકલ ચાર્જ ભરવો પડે. દરેક સંસ્થાએ આનો લાભ લેવો હોય તો લઈ શકે છે. આ માટે દુર્ગાધામ પ્રમુખશ્રી ભાવેશભાઈ અધવર્યુ (મો.) ૯૬૬૨૩૪૭૫૧૨નો સંપર્ક કરી માહિતી લેવી.

| મંત્રીશ્રી | પ્રમુખ |
|---|---|
| તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ | દર્શનાબેન એ. ભટ્ટ |

## શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ – અમદાવાદ

**મેરેજ કોન્ફરન્સ ૨૦૨૪ :**

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દ્વારા આયોજિત મેરેજ કોન્ફરન્સ તા. ૭–૧–૨૦૨૪ને રોજ રામકૃષ્ણ પાર્ટી પ્લોટ, મણીનગર (પૂર્વ) ખાતે સંપન્ન થયેલ. જેમાં કુલ ૨૫૯ થી વધુ યુવક–યુવતીઓએ મેરેજ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. લગભગ બધા જ ઉમેદવારોએ મંચ પરથી પોતાનો પરિચય આપ્યો હતો તેમજ ઉમેદવારનો વિશેષ પરિચય તેઓની સાથે આવેલ તેમના વડીલો કે સ્નેહીએ આપ્યો હતો.

મંચસ્થ મહેમાનશ્રીઓ – શ્રી સુરેન્દ્રકુમાર ઈન્દુરાય ઠાકર, શ્રી વૈશાલીબેન સમીરભાઈ દવે, શ્રી બેલાબેન રવિન્દ્રભાઈ ભટ્ટ, શ્રી સંપત્તિબેન શૈલેન્દ્રભાઈ મહેતા, શ્રી રિદ્ધિબેન કવિનકુમાર દવે તેમજ દાતાશ્રીઓએ, વિવિધ મંડળના હોદ્દેદારશ્રીઓએ સભા મંડપમાં સ્થાન શોભાવ્યું હતું.

આ મેરેજ કોન્ફરન્સમાં સંસ્થાના બધા કાર્યકરોએ તેમજ બાજખેડાવાળ મહિલા સમાજના કાર્યકરો તથા દરેક જિલ્લાના ફોર્મ પ્રાપ્તિ કેન્દ્રોની મદદના લીધે યુવક–યુવતીઓ તેમજ તેમના વાલી તથા કુટુંબીજનો થઈ કુલ ૮૦૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. દરેક જિલ્લાના ફોર્મ પ્રાપ્તિ કેન્દ્રોનું સભા પ્રમુખ દ્વારા અભિવાદન કરવામાં આવેલ હતું અને દરેકને શુભેચ્છા ભેટ આપવામાં આવેલ હતી. સવારે ચા–કોફી તથા નાસ્તો તેમજ બપોરે સરસ ભોજનનો આસ્વાદ માણેલ હતો. ભોજન બાદ યુવક–યુવતીની ક્રોસએન્ટ્રીની વિગત સંસ્થા દ્વારા મંચ પરથી જાહેર કરવામાં આવેલ તેના દ્વારા પોતાના પસંદગીના ઉમેદવારની સાથે સ્થળ પર મુલાકાત પણ યુવક–યુવતીઓ અને તેમના વાલીઓએ કરી હતી. કાર્યક્રમની પૂર્ણાહુતિ ગરમાગરમ ચા સાથે કરી હતી. જ્ઞાતિજનોને જણાવવાનું કે જે યુવક–યુવતીના વિવાહ આ મેરેજ કોન્ફરન્સના લીધે નક્કી થયા હોય તેમણે શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજને જણાવવા નમ્ર વિનંતી છે.

**નાટકનું આયોજન – તા. ૧૭–૦૧–૨૦૨૪, ટાગોર હોલ, પાલડી, અમદાવાદ**

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ – અમદાવાદ દ્વારા તા. ૧૭–૦૧–૨૦૨૪ના રોજ, ટાગોર હોલ ખાતે એક સુંદર નાટક “મોદી હૈ તો મુમકીન હૈ” સ્વાદિષ્ટ ભોજન સાથે આયોજન કરવા આવ્યું હતું. ટાગોર હોલની સીટ પર જ્ઞાતિજનોની ખીચોખીચ હાજરી જોવા મળી હતી.

જ્ઞાતિજનોએ સુંદર આયોજન, સ્વાદિષ્ટ ભોજન, શહેરની વચ્ચોવચ સ્થળ અને સાથે સાથે સરસ નાટકનો આનંદ લઈ છુટા પડ્યા હતા. લગભગ ૭.૦૦ વાગે શરૂ થયેલ કાર્યક્રમ રાત્રે ૧૨.૦૦ વાગે પૂર્ણ થયો હતો. સૌ જ્ઞાતિજનોએ ખૂબ જ આનંદથી કાર્યક્રમ માણ્યો હતો.

**લગ્નજીવન સુવર્ણ જયંતિ દંપતિ સન્માન – ૨૦૨૪**

સંસ્થા દ્વારા તા. ૧૭–૩–૨૦૨૪ને રવિવારના રોજ પીકનીક હાઉસ, કાંકરિયા, અમદાવાદ ખાતે "લગ્નજીવન સુવર્ણ જયંતિ દંપતિ સન્માન"ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. લગ્નજીવન સુવર્ણ જયંતિ દંપતિ સન્માન એટલે કે જે કપલને લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા હયાત કપલને સન્માનવાનો ભવ્ય ઉત્સવ. સર્વે જ્ઞાતિજનો સાથે, સમક્ષ અને સહભાગી થઈ આપણા ૫૦ વર્ષ પૂર્ણ કરેલ કપલનું સન્માન કરે ત્યારે તો તે કાર્યક્રમની આભા જ કંઈ અલગ હોય છે. જાણે તે કપલના ફરી લગ્નનું આયોજન થતું હોય તેવો જાજરમાન કાર્યક્રમ એટલે લગ્નજીવન સુવર્ણ જયંતિ દંપતિ સન્માન જેના ફોર્મ કાર્યક્રમના આપ મેળવી શકો છો. વધુ વિગત માટે કન્વીનર શ્રી તરલભાઈ ભટ્ટ (મો.) ૭૦૪૬૦૨૩૯૨૨, સહકન્વીનર શ્રી આશિકભાઈ મહેતા (મો.) ૯૮૯૮૧૪૭૮૭૦ પાસેથી મેળવી શકો છો.

કાર્યક્રમમાં ભાગ લેવા માટે ધ્યાનમાં રાખવાના જેવા મુદ્દા (૧) લગ્નજીવનને ૫૦ વર્ષ પૂર્ણ કર્યાનો પૂરાવો આપવો જરૂરી છે. (૨) દંપતીના પાસપોર્ટ સાઈઝ ફોટા ચોંટાડવા જરૂરી છે. (૩) ફોર્મ ભરીને તા. ૧૫–૦૨–૨૦૨૪ સુધી પહોંચતું કરવાનું રહેશે. (૪) દંપતી સિવાયના વધારાના ભોજન પાસની કિંમત રૂ. ૧૦૦/– રાખવામાં આવેલ છે. જે આવશ્યકતા પ્રમાણે મેળવી લેવા. (૫) કુટુંબ વિશેની માહિતીમાં દીકરા–દીકરીની સંપૂર્ણ માહિતી આપવી. (૬) ૫૦ વર્ષના યાદગાર સંસ્મરણો એક અલગ કાગળ ઉપર લખી ફોર્મ સાથે બીડીને મોકલવા (૭) હાજર રહેલ દંપતીનું જ સન્માન કરવામાં આવશે, કોઈ એકનું નહીં. (૮) આ કાર્યક્રમમાં દરેક જ્ઞાતિજનો ભાગ લઈ શકે છે.

**શ્રી સ્નેહલભાઈ ભટ્ટ – પ્રમુખ શ્રી કિરીટભાઈ દવે – મંત્રી**

**સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સલાહકારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩


**સુંદર કાંડ**

તા. ૨૧–૧–૨૦૨૪ને રવિવારના રોજ બાજખેડાવાળ મંડળ આણંદ અતિથિ ગૃહ ખાતે સુંદરકાંડનું આયોજન કરવામાં આવેલ જેમાં અંદાજીત ૨૫૦ જ્ઞાતિજનોએ લાભ લીધો. સમગ્ર પ્રોગ્રામના ભોજનનો ખર્ચ રૂ. ૧૦,૦૦૦/– માયાબેન કિરીટભાઈ દવે તથા કિરીટકુમાર પુરુષોત્તમ દવે રૂ. ૧૦,૦૦૦/– તથા રૂ. ૫૦૦૦/– સ્વ. રીટાબેન પિયુષભાઈ દવે તથા રૂ. ૫૦૦૦/– તથા રૂ. ૫૦૦૦/– કલ્પનાબેન કિરીટકુમાર દવે તરફથી મળેલ છે તથા સુંદરકાંડનો (વૃંદ)નો ખર્ચ ભારતીબેન મનહરલાલ દવે તરફથી આપવામાં આવેલ છે. (અંદાજીત રૂા. ૧૦,૦૦૦/–) રૂ. ૫૦૦૦/– ગીતાબેન હેમંતભાઈ શુકલ તરફથી મળેલ છે.

**કિરીટકુમાર દવે ફાલ્ગુન ઠાકર**
**પ્રમુખશ્રી મંત્રીશ્રી**
**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

| | | |
|---|---|---|
| Name | : | Ku. Dr. Hetal Bharatkumar Bhatt |
| Height | : | 5‘-3’’ |
| Weight | : | 54 Kg. |
| Birth Date | : | March 05, 1993 |
| Birth Time | : | 05.05 p.m. |
| Birth Place | : | Anaheim, California, U.S.A. |
| Education | : | Medicine, 3nd Year Residency |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | - |
| Mother Name | : | Leenaben Bharatkumar Bhatt |
| Borther/Sisters | : | 1-Unmarried |
| Maternal Place | : | Umreth |
| Father | : | Bharatkumar Rajendraprasad Bhatt |
| Address | : | - |
| Mobile No. | : | 714-814-0282, 714-814-0283 |
| E-mail | : | bhattji1960@gmail.com, leenabhatt67@gmail.com |
| Choice | : | Well Educated, Family Oriented, Dharmik |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Chitralashya |
| Nakshatra | : | Ashlesha |
| Rashi | : | Kark |
| Nadi | : | Antya |
| Gan | : | - |
| Varna | : | Bhrahman |
| Yoni | : | Majar |
| Varg | : | - |



નામ : ચિ. જય વિપુલભાઈ દવે ઊંચાઈ : ૬'–૦૦'' વજન : ૬૬ કિલો

જન્મતારીખ : ૩૦–૧૧–૨૦૦૦ જન્મસ્થળ : નડિયાદ જન્મસમય : ૧૭.૦૯ સાંજે

અભ્યાસ : આઈ.ટી.

મૂળવતન : નડીયાદ વ્યવસાય : નોકરી


માસિક આવક : રૂ. ૪૫૦૦૦/–

ગોત્ર : વચ્છસ

રાશિ : મકર

નક્ષત્ર : ઉત્તરાષાઢા

નાડી : અંત્ય




માતાનું નામ : નયનાબેન વિ. દવે

ભાઈ/બહેન : ૧–બહેન–અપરણિત

પિતાનું નામ : વિપુલભાઈ સી. દવે

સરનામું : બી–૬૩, ધરનીધર હોમ્સ, બુલેવુડ–૯ની પાછળ,
નીયર રીયલ ફેક્ટરી પીજ–તુડેલ રોડ, નડીયાદ

ફોન/મોબાઈલ : ૯૦૧૬૨૩૮૨૮૩, ૭૦૧૬૫૪૮૫૦૩

---

આજકાલના વિદ્યાર્થીઓને કદાચ ખબર પણ નથી કે ભારતીય ભાષાઓની વર્ણમાળામાં વિજ્ઞાન ભરેલું છે. વર્ણમાળાના પ્રત્યેક અક્ષર તર્કશુદ્ધ છે અને ચોક્કસ ગણતરી સાથે ક્રમશઃ મુકવામાં આવ્યાં છે. અન્ય વિદેશી ભાષાની વર્ણમાળામાં આવો વિજ્ઞાનિક દૃષ્ટિકોણ જડતો નથી. ઉદા. જુઓ.

**ક ખ ગ ઘ ઙ** – આ પાંચ સમુહને **કંઠવ્ય** કહેવાય છે કારણ કે આનો ઉચ્ચાર કરતી વખતે કંઠમાંથી ધ્વનિ નીકળે છે. ઉચ્ચાર કરી જુઓ.

**ચ છ જ ઝ ઞ** – આ પાંચેય **તાલવ્ય** કહેવાય છે કારણ કે આનો ઉચ્ચાર કરતી વખતે જીભ તાળવે લાગશે. ઉચ્ચાર કરી જુઓ.

**ટ ઠ ડ ઢ ણ** – આ પાંચેય **મૂર્ધન્ય** કહેવાય છે કારણ કે આનો ઉચ્ચાર કરતી વખતે જીભ દાંતને અડે છે. પ્રયત્ન કરી જુઓ.


**ત થ દ ધ ન** – આ પાંચના સમુહને **દંતવ્ય** કહેવાય છે કારણ કે આનો ઉચ્ચાર કરતી વખતે જીભ દાંતને અડે છે. પ્રયત્ન કરી જુઓ.

**પ ફ બ ભ મ** – આ પાંચના સમુહને **ઔષ્ઠવ્ય** કહેવાય છે કારણ કે આનો ઉચ્ચાર કરવા માટે બન્ને હોઠનું મિલન થાય છે. પ્રયત્ન કરી જુઓ.

આટલો વૈજ્ઞાનિક એપ્રોચ છે દુનિયાની અન્ય કોઈપણ ભાષામાં ? આપણે આપણી ભારતીય ભાષા માટે ગૌરવ જરૂર કરીએ પણ સાથોસાથ શા કારણસરએ પણ જાણકારી રાખીએ તથા દુનિયાને જણાવીએ.


| | |
|---|---|
| નામ | : ચિ. પાર્થ કેતનકુમાર દવે |
| ઊંચાઈ | : ૫'–૧૧'' |
| વજન | : ૪૭ કિલો |
| જન્મ તારીખ | : ૧૩–૦૬–૧૯૯૭ |
| જન્મ સમય | : ૦૬.૨૪ સાંજે |
| જન્મ સ્થળ | : નડિયાદ |
| અભ્યાસ | : એમ.સી.એ. |
| વ્યવસાય | : નોકરી |
| માસિક આવક | : – |
| મૂળ વતન | : અમદાવાદ |
| માતાનું નામ | : પીનાબેન કેતનકુમાર દવે |
| ભાઈ/બહેન | : – |
| મોસાળ | : પ્રભાકર રવિશંકર મહેતા–નડિયાદ |
| પિતા | : કેતનકુમાર નટવરલાલ દવે |
| સરનામું | : બી–૪૦૨, અર્જુન પેરેડાઈઝ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ પાસે, વરધન ટાવરની પાછળ, પ્રગતિનગર, નારણપુરા, અમદાવાદ–૧૩ |
| ફોન નં. | : – |
| મોબાઈલ નં. | : +૯૧–૯૯૨૫૦૧૩૬૯૭ |
| ઈ–મેઈલ | : kndave@gmail.com |
| સંપર્ક | : – |
| સરનામું | : – |
| ફોન નંબર | : – |
| પસંદગી | : સુશિક્ષિત, કુટુંબલક્ષી અને ધાર્મિક |
| નોંધ | : – |

| | |
|---|---|
| ગોત્ર | : વચ્છસ |
| નક્ષત્ર | : ઉત્તરાફાલ્ગુની |
| રાશિ | : કન્યા |
| નાડી | : આધ્ય |
| ગણ | : મનુષ્ય |
| વર્ણ | : વૈશ્ય |
| યોનિ | : ગૌ |
| વર્ગ | : શ્વાન |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Urmil Nikunjkumar Bhatt |
| Height | : | 5‘-9’’ |
| Weight | : | 70 Kg. |
| Birth Date | : | 03-08-1994 |
| Birth Time | : | 01.01 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | M.Sc. IT, Dhirubhai Ambani Institure of Information and Communication Technology, Gandhinagar |
| Profession | : | Job |
| Monthly Income | : | 12 LPA |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Meenaben Nikunjkumar Bhatt |
| Borther/Sisters | : | None |
| Maternal Place | : | Nizar |
| Father | : | Nikunjkumar Bhagwatprasad Bhatt |
| Address | : | 101, Shayona Apartment-1, B/h. Jankalyan Press Maninagar, Ahmedabad-380008 |
| Phone No. | : | 9727080978 (Nikunjkumar), 9974678489 (Meenaben) |
| E-mail | : | - |
| Choice | : | - |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Lankanas |
| Nakshatra | : | Rohini |
| Rashi | : | Vrishabha |
| Nadi | : | Antya |
| Gan | : | Manav |
| Varna | : | Vaishya |
| Yoni | : | Sarpa |
| Varg | : | Mruga |



## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-

| | | | |
|---|---|---|---|
| ૧. | ધગશ તુષારકુમાર શેલત | અમદાવાદ | ૪૯૧૯ |
| ૨. | કાર્તિક એમ. ભટ્ટ | અમદાવાદ | ૪૯૨૦ |
| ૩. | સુભાષ સુરેશચંદ્ર ઠાકર | અમદાવાદ | ૪૯૨૧ |
| ૪. | કૃણાલ ડોળિયા | અમદાવાદ | ૪૯૨૨ |
| ૫. | પ્રણવ બી. શુક્લ | અમદાવાદ | ૪૯૨૩ |
| ૬. | જયેશભાઈ પ્રવિણભાઈ દવે | અમદાવાદ | ૪૯૨૪ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## વિશિષ્ટ સહાય ફંડના દાતા

| | | | |
|---|---|---|---|
| ૧. | મહેશભાઈ વ્યાસ | વડોદરા | રૂ. ૧૧૧૧/- |
| ૨. | મહેશભાઈ વ્યાસ | વડોદરા | રૂ. ૧૧૧૧/- |

## સુધારો

– ડિસેમ્બર ૨૦૨૩ના અંકમાં પાના નં. ૨૦ પર મયુરીબેન જયેશભાઈ દવેના જન્માક્ષરમાં ઘર નં. ૧૪૦ અને વિધિયા વાંચવું.

## બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો માટે ખાસ નોંધ

(૧) બાજખેડાવાળ પત્રિકા દર મહિનાની આખર તારીખે અમદાવાદથી પોસ્ટ થાય છે. (૨) કોઈ કારણસર પત્રિકા ન મળે તો એ પત્રિકા કદાચ આખા ગામ કે શહેરમાં વહેંચાઈ ન હોય એમ બને. (૩) આપને પત્રિકા નિયમિત ન મળતી હોય તો સ્થાનિક પોસ્ટમેન અથવા સ્થાનિક પોસ્ટ ઓફિસમાં લેખીત ફરિયાદ કરવી. (૪) પત્રિકા ધારક ગુજરી જાય એટલે પત્રિકાનું સભ્યપદ આપોઆપ રદ થઈ જાય છે. તમારે નવેસરથી પત્રિકા મેળવવા માટે રૂ. ૧૦૦૦/- લવાજમ ભરવાનું રહેશે. (૫) પત્રિકાના સભ્ય કાયમી વિદેશ વસવાટ કરવા માટે ગયા હોય તેવા સંજોગોમાં પત્રિકા બીજાના સરનામે કે બીજાના નામે પત્રિકા મોકલવામાં આવશે નહીં. (૬) બાજખેડાવાળ પત્રિકાની કોઈપણ જાતની ફરીયાદ કે માહિતી માટે તંત્રીનો સંપર્ક સાધ્યા વગર સંસ્થાની ઓફિસે પત્રિકા ઉપર દર્શાવેલ ફોન નંબર ઉપર મેનેજર શ્રી ભાવેશ પંડ્યાનો સંપર્ક કરવો. જેથી ફરીયાદનું ત્વરીત નિરાકરણ થઈ જાય. (૭) નવા સભ્યોએ, પત્રિકાના સભ્યો એ પોતાની પાવતી મેળવી લેવી અને તેના પર તથા પત્રિકા પર જે સભ્ય નંબર લખેલ છે. તે નંબરથી પત્ર વ્યવહાર કરવો. સભ્ય નંબર જણાવવાથી કામ સરળ થશે. (૮) પત્રિકાના જન્માક્ષરની મેટરમાં તમારા દ્વારા મોકલાવવામાં આવેલી મેટરમાં જ ભૂલ હોય અથવા અક્ષર ઉકલતા ન હોય તેવા સંજોગોમાં ભૂલ થવાની સંભાવનાઓ થાય જેથી નિયત ફોર્મમાં સ્વચ્છ અક્ષરે મેટર મોકલવા આગ્રહ ભરી વિનંતી જેથી સુધારાને અવકાશ રહે નહીં.

**– તંત્રી મંડળ**

Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/ 2022-24 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2024
LPWP No. PMG / NG / 100 / 2022-2024 valid upto 31-12-2024
Published on 27th Every Month

## WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

## What's APP પર પત્રિકા મેળવવા માટે

છેલ્લા ઘણાં સમયથી પોસ્ટ ઓફિસમાં પત્રિકા નહી મળવાની તેમજ મોડી મળવાની ફરિયાદો આવે છે. જેમાં સંસ્થા દ્વારા કંઈ પણ કરી શકાય તેવી પરિસ્થિતિમાં નથી. મે-૨૦૨૩ની પત્રિકાના પાના નં. ૪ પર What's APP પર પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

**માલિક - પ્રકાશક - મુદ્રક - પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી જગતભાઈ એચ. દવે** દ્વારા ધર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી-૬, ૨૩ અને ૧૨-બી અગ્રવાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810